Tarakpur

જોડાણ-૧

*ગ્રામ પંચાયત કક્ષાએ જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના અંગેના*

*ઠરાવનો નમૂનો*

ગ્રામ પંચાયત કક્ષાએ જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના

ઠરાવ નં. ૪ તા. ૨૪-૬-૨૦૧૩

ગ્રામ પંચાયતનું નામ તારકપુર તાલુકો ખંભાત જિલ્લો આણંદ

---

સરપંચ શ્રી તારકપુર ના અધ્યક્ષ સ્થાને અને — સભ્યોની/બધા સભ્યો ની સંમતિથી દિનાંક — ના રોજ સવારે/બપોર પછી ૧૨:૩૦ વાગ્યે ગ્રામ પંચાયતની કચેરીમાં ગ્રામ પંચાયતની બેઠક મળી હતી અને બધા સભ્યોની સંમતિથી ત્રણ/પાંચ વર્ષની મુદત માટે જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૧(૧) અને જૈવિક વિવિધતા નિયમો, ૨૦૦૪ના નિયમ ૨૨ અને ગુજરાત જૈવિક વિવિધતા નિયમો ૨૦૧૦ ની જોગવાઇઓ અનુસાર જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના નીચે મુજબ કરવા ઠરાવવામાં આવે છે:

સમિતિના સભ્યોની વિગતો

| ક્રમ નં. | પુરૂ નામ અને સરનામું | ઉંમર | હોદ્દો | સહી |
|---|---|---|---|---|
| ૧. | દયાળભાઈ વજાભાઈ ગોહેલ | ૪૦ | અધ્યક્ષ | દયાળભાઈ |
| ૨. | જનકબેન ભગવાનભાઈ ગોહેલ | ૨૯ | સ્ત્રી સભ્ય | જનકબેન |
| ૩. | રમીલાબેન પૂંજાભાઈ ગોહેલ | ૩૫. | સ્ત્રી સભ્ય | રમીલાબેન ગોહેલ |
| ૪. | ધીરુભાઈ જેઠાભાઈ વાલ્મીકી | ૫૦ | અનુ.જાતિ/અનુ.જન જાતિ. સભ્ય | ધીરુભાઈ જેઠાભાઈ |
| ૫. | વજુભાઈ ધીરુભાઈ વાલ્મીકી | ૩૦ | સભ્ય | વજુભાઈ |
| ૬. | મોહનભાઈ જેઠાભાઈ વાલ્મીકી | ૪૫ | સભ્ય | મોહનભાઈ |
| ૭. | ભગવતભાઈ લાલજીભાઈ ગોહેલ | ૩૨ | મંત્રી | [signature] |

જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિ નીચેના કાર્યો માટે જવાબદાર રહેશે :

૧. પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ તમામ જૈવિક સંસાધનોના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ ઉપયોગ.

૨. પોતાના કાર્યક્ષેત્રમાંથી જૈવિક સંસાધનોના ગેરકાયદે એકત્રીકરણ અટકાવવો.

૩. જ્યારે જરૂર પડે ત્યારે વિવિધ વિષયો અંગે રાષ્ટ્રીય જૈવિક વિવિધતા સત્તા મંડળ, ચેન્નાઇ અને ગુજરાત જૈવિક વિવિધતા બોર્ડને અભિપ્રાય આપવા.

૪. અધિનિયમની જોગવાઈઓ મુજબ પોતાના કાર્યક્ષેત્રમાં રહીને વાણિજ્યિક હેતુઓ માટે જૈવિક [illegible] એકત્ર કરવા માટે કર વસુલાત માટેની ફી વસુલ કરવી.

૫. જૈવિક સંસાધનો ઉપયોગ કરતા સ્થાનિક વૈદ્યો અને ઉપયોગ કરનારાઓ અંગેની માહિતી નિભાવવી

૬. પરંપરાગત જ્ઞાન તથા જૈવિક સંસાધનોનાં વપરાશ કરવા અંગે આપવામાં આવેલ પરવાનગી લાગુ પાડવામાં (imp sed) આવેલ એકત્રીકરણ ફી અને મેળવવામાં આવેલ લાભો તથા તેની વહેંચણીની પ્રક્રીયા અંગેની વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૭. જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિ જૈવિક વિવિધતા અને સંલગ્ન પરંપરાગત જાણકારીના દસ્તાવેજીકરણમાં પણ સંકળાયેલી રહેશે.

૮. રાષ્ટ્રીય જૈવિક વિવિધતા સત્તા મંડળ તથા ગુજરાત જૈવિક વિવિધતા બોર્ડ તરફથી વખતો વખત પુરી પાડેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જૈવિક વિવિધતા ભંડોળનો ઉપયોગ તથા વ્યવસ્થાપન કરવાનું રહેશે.

સહી
સરપંચ
તરકપુર ગ્રામ પંચાયત
મુ.તરકપુર, તા.ખંભાત, જી.આણંદ.
ગ્રામ પંચાયતના સરપંચ
અને ગોળ સિક્કો

તલાટી
તરકપુર ગ્રામ પંચાયત
તા. ખંભાત
ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી
અને સિક્કો